# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01/08/2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **મત્સ્યોદ્યોગ મંત્રી રાઘવજી પટેલે માછીમારો યોજનાઓથી વંચિત ન રહે તેવી વ્યવસ્થા કરવા અધિકારીઓને આદેશ આપ્યા.**
2. **રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું , બાળકોને વિકસિત રાષ્ટ્રના નિર્માણમાં ઉપયોગી બનાવવાની જવાબદારી શિક્ષકની છે.**
3. **ફેફસાના કેન્સર અંગે જાગૃતિ ફેલાવવાના હેતુથી આજે વિશ્વ ફેફસા કેન્સર દિવસ મનાવાશે.**
4. **રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું – આજે કેટલાક જિલ્લામાં મધ્યમ વરસાદની આગાહી.**
5. **અમરેલીનાં મનો-દિવ્યાંગ ખેલાડી કાજલ મકવાણા અમેરિકામાં ભારત માટે પેરા-ટૅબલ ટૅનિસ સ્પર્ધામાં ભાગ લેશે.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# RAGHAVJI PATEL BETHAK

મત્સ્યોદ્યોગ મંત્રી રાઘવજી પટેલે કોઈ પણ માછીમાર ડિઝલ સબસિડી સહિતની વિવિધ યોજનાથી વંચિત ન રહે તેવી વ્યવસ્થા કરવા અધિકારીઓને આદેશ આપ્યા. ગઈકાલે મત્સ્યોદ્યોગ પ્રભાગની ઉચ્ચ સ્તરની સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરતા શ્રી પટેલે આ વાત કહી.

બેઠકમાં આગામી 15 ઑગસ્ટથી શરૂ થતી માછીમારીની મોસમ સંબંધિત વિવિધ મુદ્દે ચર્ચા અને યોજનાકીય પ્રગતિની સમીક્ષા કરવામાં આવી. હાલમાં રાજ્ય સરકાર દ્વારા માછીમારોને આપાતી ડિઝલ સબસિડી માટે નવા ડિઝલ કાર્ડ આપવાની કામગીરીની મંત્રીશ્રીએ સમીક્ષા કરી. તેમણે આ વર્ષે હજી પણ જે લાભાર્થીઓને ડિઝલ સબસિડી ચૂકવવાની બાકી હોય તેમને સત્વરે ચૂકવણા કરવા આદેશ આપ્યા.

---

# CHILDRENS UNI CONVOCATION

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું , બાળકને વિકસિત રાષ્ટ્રના નિર્માણમાં ઉપયોગી બને તેવા ઉત્તમ નાગરિક બનાવવાની જવાબદારી શિક્ષકની છે. ગાંધીનગરમાં ગઈકાલે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના પાંચમા દિક્ષાંત સમારોહને સંબોધતા રાજ્યપાલશ્રીએ આ વાત કહી. તેમણે કહ્યું, શિક્ષકોએ બાળકરૂપી ઘડાને યોગ્ય ઘાટ આપીને સુંદર ઘડો બનાવવો જોઈએ. જેથી તમામ મુશ્કેલીઓનો ઉકેલ લાવી તેઓ સફળ બની શકે.

## (BYTE: ACHARYA DEVVRAT)

આ દિક્ષાંત સમારોહમાં ત્રણ સુવર્ણ ચંદ્રક સહિત કુલ 84 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી.

---

## LUNG CANCER DAY

આજે વિશ્વ ફેફસા કેન્સર દિવસ છે. ફેફસાના કેન્સર અંગે જાગૃતિ ફેલાવવા અને લોકોને માહિતીગાર કરવાનાં હેતુથી દર વર્ષે પહેલી ઓગસ્ટે આ દિવસ મનાવાય છે. સાંભળીએ એક અહેવાલઃ

## (V/C- ANIL PATEL)

*(રાજ્ય સરકારનું લક્ષ્ય રાજ્યને વૈશ્વિક સ્તરે મેડિકલ સર્વિસિઝ માટેનું શ્રેષ્ઠ કેન્દ્ર બનાવવાનું છે. 2020થી 2024 દરમિયાન અમદાવાદ સ્થિત ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (GCRI) ખાતે ફેફસાના કેન્સરના કુલ 4 હજાર 397 દર્દીઓની સારવાર કરવામાં આવી હતી.*

*ગુજરાતમાં ફેફસાના કેન્સરની સારવારને સુલભ બનાવવામાં PMJAY-MA યોજના જીવનરેખા સાબિત થઈ છે. GCRIના ડિરેક્ટર ડૉ. શશાંક પંડ્યાએ જણાવ્યું હતું કે , "ફેફસાના કેન્સર સામે સૌથી મોટું શસ્ત્ર જાગૃતિ છે. સમયસર તપાસ, તમાકુનો ત્યાગ અને પ્રારંભિક ચેતવણી સંકેતોની ઓળખ અનેક જિંદગીઓ બચાવી શકે છે.*

*-અનિલ પટેલ, આકાશવાણી સમાચાર, અમદાવાદ*

---

## CALL 104 FILM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે અમદાવાદના ખાનગી મલ્ટિપ્લેક્સમાં 'કૉલ 104" ફિલ્મ નિહાળી. શ્રી પટેલે 104 હેલ્થ હેલ્પલાઈનની કામગીરી અને સિદ્ધિઓ

દર્શાવતી આ ફિલ્મના નિર્માતા , દિગ્દર્શક અને કલાકાર સહિત હેલ્પલાઈનના કાઉન્સિલર્સને બિરદાવ્યા. તેમણે ગમે તેવી હતાશા કે નિરાશામાં પણ આત્યંતિક પગલું ન ભરવા અને પ્રેમથી જીવન જીવવા સૌને અપીલ કરી. શ્રી પટેલે સૌને એકબીજાને મદદરૂપ થવા અને સાથે મળીને વિકસિત ગુજરાત થકી વિકસિત ભારતનું નિર્માણ કરવા પ્રયાસ કરવા પણ આહ્વાન કર્યું.

આ પ્રસંગે હેલ્પલાઈનના લાભાર્થી તથા કાઉન્સિલરે તેમના અનુભવ મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજૂ કર્યા. ઉલ્લેખનીય છે કે, આ હેલ્પલાઇન દ્વારા રાજ્યમાં અત્યાર સુધી આપઘાત અંગેના સાત હજારથી વધુ કૉલ્સનો સકારાત્મક પ્રતિસાદ આપીને હજારો જિંદગીઓ બચાવાઈ છે.

---

# CM SURPRISE VISIT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે ગાંધીનગરમાં પાણી પૂરવઠા બૉર્ડના કાર્યપાલક ઇજનેર કચેરીની આકસ્મિક મુલાકાત લીધી. દરમિયાન તેમણે વાસ્મોની જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ કચેરીની કામગીરીની વિગત મેળવી.

શ્રી પટેલે હેલ્પલાઈન પર મળતી ઑનલાઈન ફરિયાદ અને તેના નિવારણ માટે કરાતી કાર્યવાહી અંગે અધિકારીઓ પાસેથી માહિતી મેળવી. તેમજ ગ્રામીણ સ્તરની પાણી સમિતિઓની રજૂઆતોનું નિવારણ કરવા થતી કામગીરીની પણ સમીક્ષા કરી અને અધિકારીઓને જરૂરી સૂચનો આપ્યા.

શ્રી પટેલે આ પહેલા ખેડા જિલ્લામાં તેમના પ્રવાસ દરમિયાન ત્યાંની કચેરીઓ તથા ગાંધીનગરના જૂના સચિવાલય સંકુલમાં આવેલી કચેરીઓની પણ આકસ્મિક મુલાકાત લીધી છે.

---

## WEATHER FORECAST

હવામાન વિભાગે આગામી સાત ઑગસ્ટ સુધી રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. ત્યારે આજે ઉત્તર, દક્ષિણ મધ્ય અને પશ્ચિમ ગુજરાત તથા સૌરાષ્ટ્ર-કચ્છમાં કેટલાક જિલ્લામાં મધ્યમ વરસાદની શક્યતા છે. દરમિયાન માછીમારોને ચોથી ઑગસ્ટ સુધી દરિયો ન ખેડવા પણ હવામાન વિભાગે સૂચના આપી છે.

બીજી તરફ, રાજ્યમાં વરસાદનું જોર ઘટી રહ્યું છે. ગઈકાલે રાત્રે આઠ વાગ્યા સુધીમાં માત્ર 34 તાલુકામાં વરસાદ નોંધાયો. સૌથી વધુ અડધા ઈંચ જેટલો વરસાદ નવસારીના ખેરગામ તાલુકામાં થયાના અહેવાલ છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ વરસાદ 63 ટકા સુધી નોંધાયો છે.

---

## BANASKANTHA VRUKSHAROPAN

બનાસકાંઠાના થરાદમાં આજે વૃક્ષારોપણનું મહા-અભિયાન યોજાશે. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીની અધ્યક્ષતામાં તુલસી ચાર રસ્તાથી આ કાર્યક્રમનું આયોજન કરાયું છે.

દરમિયાન થરાદ –સાંચોર રાષ્ટ્રીય ધોરીમાર્ગની બંને બાજુએ એક હજાર 600થી વધુ સ્થાનિક ફળાઉ રોપાનું વાવેતર કરાશે , જેમાં ખારેક , આંબા , જાંબુ , જામફળ, સીતાફળ, પીપળ સહિતના રોપાનું વાવેતર કરાશે.

---

## JANMASHTAMI - DWARKA

આગામી જન્માષ્ટમીની લઈ દેવભૂમિ દ્વારકામાં તડામાર તૈયારી શરૂ થઈ છે. ગઈકાલે જિલ્લા કલેક્ટર રાજેશ તન્નાની અધ્યક્ષતામાં મંદિર સમિતિ સાથે બેઠક યોજાઈ, જેમાં શ્રદ્ધાળુઓને કિર્તીસ્તંભથી મંદિર પ્રવેશ તેમજ ગોમતીઘાટ, જગત મંદિર જતા કોઈ મુશ્કેલી ન પડે તે માટે યોગ્ય વ્યવસ્થા કરવા અંગે ચર્ચા થઈ. આ અંગે પ્રાન્ત અધિકારી અમોલ આવટેએ વધુ માહિતી આપી.

**(બાઈટ : અમોલ આવટે , પ્રાંત અધિકારી દ્વારકા)**

---

## AMRELI GOLD MEDAL

અમરેલી જિલ્લાનાં મનોદિવ્યાંગ ખેલાડી કાજલ મકવાણા અમેરિકામાં ભારત માટે પેરા-ટૅબલ ટૅનિસ સ્પર્ધામાં ભાગ લેશે. આ પહેલા તેમણે ચીનમાં યોજાયેલી આંતર-રાષ્ટ્રીય સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરીને સુવર્ણ ચંદ્રક મેળવ્યાં હતાં.

અમરેલીના નાના રાજકોટ ગામનાં વતની કાજલ મકવાણા શારીરિક દિવ્યાંગ હોવા છતાં રાષ્ટ્રીય અને આંતર-રાષ્ટ્રીય રમતમાં ભારતનું પ્રતિનિધિત્વ કરી રહ્યાં

છે. સૌથી પહેલા તેમણે વડોદરામાં યોજાયેલી પૅરા સિનિયર નૅશનલ ટૅબલ ટૅનિસ ચેમ્પિયનશિપમાં સુવર્ણ ચંદ્રક જીત્યો હતો.

---

# GUJARAT BOARD REPORT

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ દ્વારા ધોરણ 12 ની પૂરક પરીક્ષાનું 17 જુલાઈએ પરિણામ જાહેર કરાયું હતું. પરિણામ બાદ ગુણચકાસણી માટે નિયત સમયમર્યાદામાં મળેલી અરજીઓ પરત્વે ચકાસણીની પ્રક્રિયાના અંતે થયેલી આખરી સુધારા દર્શાવતો અહેવાલ બૉર્ડની વૅબસાઈટ પર મૂકાય છે.

અરજી કરેલા ઉમેદવાર પોતાનો ગુણચકાસણીનો અહેવાલ આગામી 10 ઑગસ્ટ સુધી પોતાનો અહેવાલ જોઈ શકશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

---

# PATAN BETHAK

પાટણ જિલ્લા પંચાયતની સામાન્ય સભાની બેઠક પ્રમુખ હેતલ ઠાકોરની અધ્યક્ષતામાં યોજાઈ , જેમાં રેતી કંકણ અને સ્ટૅમ્પ ડ્યૂટી અને નાણાપંચના અનુદાન, આયુષ્યમાન કાર્ડ , ખેડૂતોને ટ્રેલરમાં સબસિડી સહિતના વિવિધ પ્રશ્ન સભ્યો દ્વારા રજૂ કરાયા.

અધિકારીઓને સભ્યોના ફોન ઉપાડવા અને વિવિધ સમિતિઓની બેઠક નિયત સમયે બોલાવવા શાખા અધિકારીઓને તાકીદ કરવામાં આવી.

---

# OMAR ABDULLA SOU

જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ ગઈકાલે નર્મદા જિલ્લામાં આવેલી વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઑફ યુનિટીની મુલાકાત લીધી. તેમણે કહ્યું, સરદાર સાહેબે દેશ માટે કરેલા અવિસ્મરણીય કાર્યો માટેની આ સાચી શ્રદ્ધાંજલિ છે. સરદાર વલ્લભભાઈ પટેલે દેશના એકીકરણ માટે અપનાવેલો દ્રષ્ટિકોણ યુવા પેઢી માટે પ્રેરણારૂપ છે તેમ શ્રી અબ્દુલ્લાએ ઉમેર્યું.

પ્રવાસ દરમિયાન તેમની સાથે જમ્મુ-કાશ્મીરનું પ્રતિનિધિ મંડળ પણ જોડાયું. મુખ્યમંત્રીશ્રીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં રાજસ્થાનના બિકાનેર નજીક ચુરુ જિલ્લામાંથી આવેલા પ્રવાસી અને તેમના પરિવાર સાથે સંવાદ કર્યો અને તેમની પાસેથી અનુભવ જાણ્યા.

---